ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



હાર્દિક પરીખ
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭



રીતુ જે પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



રાજેન્દ્રસિંહ ચાવડા
ઝોન પ્રમુખ
ગાંધીનગર શહેર કોંગ્રેસ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### પૂ. છગનભા રમતોત્સવ અંતર્ગત

# મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં કબડ્ડીની સ્પર્ધા





મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ ખાતે પૂ. છગનભા રમતોત્સવ અંતર્ગત કબડ્ડીની સ્પર્ધા બુધવારે યોજવામાં આવી હતી, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત દરેક શાળાએ ભાગ લીધો હતો. ધોરણ-૯,૧૦ જુનિયર વિભાગ અને ધોરણ-૧૧,૧૨ સિનિયર વિભાગની કબડ્ડી સ્પર્ધા આ ઉપક્રમ અંતર્ગત યોજવામાં આવી હતી. સ્પર્ધાના ઉદ્‌ઘાટનમાં એમ બી પટેલ અંગ્રેજી મીડિયમ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક સ્કૂલના નિયામક નટુભાઈ લાડાણી, લાભુભાઈ દેસાઈ, નદીમભાઈ મેમણ, વિરાજબેન, ઉર્વશીબેન, રૂબિનાબેન પઠાણ, હસમુખભાઈ પોલે આ કાર્યક્રમ માટે ખૂબ સાથ અને સહકાર આપ્યો હતો. રેફરી તરીકે સાધના સ્પોર્ટ્સના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રીમતી એસ બી પટેલ હાયર સેકન્ડરી ગર્લ્સ

# સ્કૂલની વિદ્યાર્થિનીઓ કોલેજ દ્વારા આયોજિત સ્પર્ધામાં






ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બી પી કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) સૅક્ટર-૨૩ દ્વારા ચાલુ વર્ષે 'આયના, મેગ્નેટ, એન્ટરપ્રેન્યોર કેમ્પસ' જેવા વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર એસ કે મંત્રાલા, અતિથિવિશેષ તરીકે એલઆઈસી ડીઓ મનોજભાઈ પાત્રા, સોમભાઈ પટેલ, વીણાબેન પટેલ, એસ એમ શાહ, ડૉ. રમાકાન્ત પૃષ્ટી, જયેશભાઈ તન્ના ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી એસ બી પટેલ હાયર સૅકન્ડરી ગર્લ્સ હાઈસ્કૂલના સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિભાગની કુલ ૧૯૫ વિદ્યાર્થીનીઓએ આ મહોત્સવો અંતર્ગત રંગોળી, મહેંદી, ક્વિઝ, વક્તૃત્વ, એકપાત્રિય અભિનય, નાટક, ગ્રૂપ ડાન્સ, સોલો ડાન્સ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને ઈનામો હાંસલ કર્યા હતાં.

ગ્રૂપ ડાન્સમાં ધોરણ-૧૧ સી,ડી કોમર્સની વિદ્યાર્થિનીઓએ પ્રથમ, નાટકમાં ધોરણ-૧૧ એ આર્ટ્સની વિદ્યાર્થિનીઓએ પ્રથમ, એકપાત્રિય અભિનયમાં ધોરણ-૧૧ એની વિદ્યાર્થિની શ્રેયાએ પ્રથમ અને વક્તૃત્વ સ્પર્ધામાં ધોરણ-૧૨એની હિના એ પટેલે દ્વિતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

આચાર્ય ગિતેષભાઈના માર્ગદર્શનમાં શિક્ષકો દ્વારા આ સમગ્ર સ્પર્ધા માટે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના કન્વીનરતરીકે ઉચ્ચતર માધ્યમિક વિભાગના મહેન્દ્રભાઈ પટેલ અને નિશાબેન પટેલે સુંદર કામગીરી કરી હતી.

# શ્રીમતી આર એન પટેલ સ્કૂલ દ્વારા 'બાલોત્સવ'ની ઉજવણી





ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ દ્વારા સંસ્થાના નાથીબા કૉલેજ હૉલમાં ફુલગુલાબી ઠંડીની મોસમમાં 'બાલોત્સવ'ની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૧થી ૮ના કુલ ૪૬ વિદ્યાર્થીઓએ એકપાત્રિય અભિનય, ડાન્સ, ગીત સ્પર્ધા, ફિલ્મી ગીત, ફેશન શો જેવી સ્પર્ધાઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. શિક્ષકોએ સ્પર્ધા માટે બાળકોને ખૂબ સરસ તૈયારી કરાવી હતી, જે કારણે તેમનું પરફોર્મન્સ ખૂબ અસરકારક રહ્યું હતું. શિક્ષક બબીતાબેન અને આશિષભાઈ વસાવા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ડાન્સ સ્પર્ધામાં ધોરણ-૧થી ૩ના વિભાગમાં મેશ્વા રાજેન્દ્રભાઈ પટેલ, ધોરણ-૪થી ૬ના વિબાગમાં વીર હેમંતસિંહ રાઠોડ અને ધોરણ-૭થી ૮ના વિભાગમાં અવિ અલ્પેશભાઈ ઓઝાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એકપાત્રિય અભિનય સ્પર્ધામાં હેપ્પી જગદીશભાઈ પટેલ, હાર્દિ કમલેશકુમાર પટેલ અને નિખિલ ભરતભાઈ પટેલ અનુક્રમે વિજેતા બન્યા હતા. ગીત સ્પર્ધામાં અનુક્રમે નીલ હિરેનભાઈ ખત્રી, દેવ ચેતનભાઈ ત્રિવેદી, મયંક કલ્પેશભાઈ પટેલ, બહેનો માટેના ફેશન શોમાં ધોરણ-૧થી ૫ના વિભાગમાં જાહ્નવી સંજયસિંહ વાઘેલા, ધોરણ-૬થી ૮ના વિભાગમાં પ્રેક્ષા સુરેશભાઈ ભટ્ટ અને ભાઈઓ માટેના ફેશન શોમાં ધોરણ-૧થી ૫ના વિભાગમાં પાર્થ રાજેન્દ્રસિંહ દેવડા તથા ૬થી ૮ના વિભાગમાં જૈનિલ અલ્પેશભાઈ ભટ્ટ અનુક્રમે વિજેતા બન્યા હતા.

# ગાંધીજીને અભિપ્રેત શ્રમની મહત્તામાં શ્રમિકો કામચોરી કે હિંસા આદરી ના કરી શકે



શ્રમની મહત્તા એ ગાંધીવિચારનો પાયો હોવાનું જણાવીને ગુજરાત સરકારના નિવૃત્ત મુખ્ય સચિવ અને ગાંધીવાદી પરિવારમાં ઉછરેલા નિવૃત્ત આઈએએસ અધિકારી પ્રવીણભાઈ કનુભાઈ લહેરીએ જણાવ્યું હતું કે શ્રમનું વળતર માણસને માણસ તરીકે જીવવા માટે સરેરાશ જેટલું,મળવું જોઈએ, જેને આપણે લઘુત્તમ વેતન કહીએ છીએ.ગાંધીજીની શ્રમિકોની વિભાવનામાં મજૂરો કદી કામચોરી ના કરે,સંઘશક્તિનો નકારાત્મક ઉપયોગ ના કરે અને હિંસા તો ક્યારેય ના જ આદરે. પી કે લહેરી ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં "શ્રમિકો માટે ગાંધીવાદી અભિગમ" પર વ્યાખ્યાન આપી રહ્યા હતા.અધ્યક્ષસ્થાને મહાત્મા દ્વારા ૧૯૨૦માં સ્થાપવામાં આવેલી ગૂજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર ડૉ.અનામિક શાહ હતા.કાર્યક્રમ આયોજક અને જાણીતાં લેખિકા પ્રા. ડૉ. પારુલટીના દોશીએ પ્રારંભમાં વિષયની માંડણી કરવા ઉપરાંત મહાનુભાવોનો પરિચય આપ્યો ને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સંસ્થાના પ્રોફેસર એમેરિટસ ડૉ.બી.બી.પટેલ મંચસ્થ હતા. સભાગૃહમાં ગુજરાત યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોના વડાઓ તેમજ ઉત્સુક વિદ્યાર્થીઓ ઉપરાંત શ્રમિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સમક્ષ પ્રવીણભાઈએ ગાંધીજીના જીવન અને આચરણમાં શ્રમનું માહાત્મ્ય અને સંવાદથી કામદાર સમસ્યાઓને ઉકેલવાની ભૂમિકા સુંદર રીતે મૂકી હતી.તેમણે અમદાવાદની મિલોની હડતાળ અને સંવાદ તેમજ લવાદમાંથી જ જન્મેલી મજૂર મહાજન સંસ્થા સહિતના આદર્શોની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે મૂડીવાદીઓએ પોતાની મૂડી શ્રમિકોના પરસેવામાંથી બની હોવાનું સતત સ્મરણ રાખીને એનો ઉપયોગ એકાધિકાર તરીકે નહીં,પણ સમાજ માટે જ કરવો ઘટે; એવી શીખ ગાંધીજીએ ગૂંજે બંધાવી હતી.ઉપરાંત અનાસક્તિયોગમાંથી મહાત્માએ નવરા નહીં બેસવાની વાત પર પણ ભાર મૂક્યો હતો. ભૂતપૂર્વ મુખ્ય સચિવે અંતમાં કહ્યું હતું કે કાયદા જરૂરી હોવા છતાં શ્રમિકો અંગેના ગાંધીવાદી અભિગમમાં કાયદાથી ઉપર આપણો માનવીય અભિગમ, આપણી સંવેદના અને આપણી પ્રતિબદ્ધતા એટલી જ જરૂરી છે.અધ્યક્ષસ્થાનેથી ડૉ.શાહે અમેરિકા,ચીન અને જાપાનનાં ઉદાહરણો આપીને વિદેશી ધરતી પર ગાંધીજીની વિભાવના આજે પણ કેટલી જીવંત છે એની સુપેરે છણાવટ કરી હતી. બંને વક્તાઓએ મહાત્મા ગાંધી શતાબ્દી પછી પણ પ્રસ્તુત હોવાનું તારણ રજૂ કર્યું હતું.

# આઈઆઈટીમાં ૨૨મીથી વાર્ષિકોત્સવ 'હોમકમિંગ'

ગાંધીનગર, તા. ૨૦

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગાંધીનગર ખાતે વાર્ષિકોત્સવ 'હોમકમિંગ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું છે.

એલુમ્ની રિલેશન ઓફિસ દ્વારા યોજાતા આ વાર્ષિક કાર્યક્રમમાં દેશ ઉપરાંત વિદેશમાં વસતા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ પણ ભાગ લે છે.

આગામી ૨૨ અને ૨૩ ડિસેમ્બરના રોજ આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જે દરમિયાન પૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ અને ફૅકલ્ટીઝ વચ્ચે કેટલાક ઈન્ટરેક્ટિવ સૅશન્સ ઉપરાંત 'મિની હલ્લાબોલ' નામે આંતરવિભાગીય રમતોની સ્પર્ધા અને સાબરમતી નદીના કિનારે કૅમ્પફાયર ડિનર યોજવામાં આવશે.

### ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે

# આજથી સહકાર અને સંપોષિત વિકાસ વિષયે બે દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી

ગાંધીનગર, તા. ૨૦

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે સંપોષિત ગ્રામ વિકાસમાં સહકારિતાની ભૂમિકા વિષય પર તા. ૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન રાષ્ટ્રીય સંગોષ્ઠીનો આયોજન કરવામાં આવ્યું છે. આ સંગોષ્ઠી ગાંધીજીના ૧૫૦ વર્ષ પ્રસંગે તેમના દ્વારા સ્થાપિત સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠ અને સહકારિતાની રાષ્ટ્રીય કક્ષાની મુખ્ય સંસ્થા ભારતીય રાષ્ટ્રીય સહકારી, સંઘ, નવી દિલ્લીના સંયુક્ત ઉપક્રમે આયોજિત થઈ છે જેમાં ભારતના ૧૪ રાજ્યોમાંથી વિવિધ નિષ્ણાંતો અને સહકારી ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રદાન આપનારા વ્યક્તિઓ ભાગ લેશે.


સંગોષ્ઠીના નિદેશક ડૉ. રાજીવ ભાઈ પટેલે જણાવ્યું કે બે દિવસીય આ સંગોષ્ઠીમાં કુલ ૮ તકનીકી સત્રો આયોજિત થશે જેમાં કુલ ૧૬ વક્તાઓ પોતાના વ્યાખ્યાન આપશે. સંગોષ્ઠીમાં એન.સી.યૂ.આઈ. નવી દિલ્લીનાં મુખ્ય કાર્યકારી અધિકારી- એન સત્યનારાયણા, ઈન્ટરનેશનલ કોઓપરેટિવ અલાઈંસ, એશિયા-પેશિફિક ક્ષેત્રીય કેન્દ્ર નવી દિલ્લીના મોહિત દવે, કોલ્હાન યૂવીર્સિટીના પ્રો. વી.સી. પ્રો. રણજીતકુમાર સિંહ, રામચન્દ્ર ચંદ્રવંશી વિશ્વવિદ્યાલયના પ્રભારી કુલપતિ ડૉ. ગુલાબ સિંહ આઝાદ, રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંસ્થાન હૈદરાબાદનાં શ્રીમતી અનીતા પાંડે, ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનના કુમાર પ્રશાંત, કોલ્હાન યૂનીવર્સિટીના ડૉ. જે. પી. મિશ્રા, પોંડિચેરીના પી સેલ્વારાજુ, મહારાષ્ટ્રના ડૉ. દીપક સાલ્વે, આસામના ડૉ. બિદ્યુત બૈશ્ય, નાગાલેન્ડના ડૉ. અમરેન્દ્ર યાદવ તથા હરિયાણા કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના ડૉ. સુનીતા તંવર વગેરે તકનીકી સત્રમાં અધ્યક્ષીય ઉદ્બોધન અને કી-નોટ સ્પીચ આપશે.

સંગોષ્ઠીના સંયોજક ડૉ. લોકેશ જૈને જણાવ્યું કે ગુજરાત સહિતના વિવિધ ૧૪ રાજ્યોમાંથી ૧૦૦ જેટલા પત્રો સંગોષ્ઠી માટે મળેલ છે તેમાથી ૮૦ શોધ પત્રો સ્વીકૃત થયા. સંગોષ્ઠીમાં સહાકારિતા અને સંપોષિત વિકાસના સંદર્ભે ગાંધી વિચારોની પ્રસ્તુતતા, સહકારિતા અને ઉદ્યોગ સાહસિકતા, સહકિરતા અને મિલેનિયમ ડેવલપમેંટ ગોલ્સ ૨૦૩૦, સહકારિતા અને આઈ.સી.ટી., સહાકિરતા તથા મહિલા સશક્તિકરણ જેવા નૂતન આયામો પર વિચાર વિમર્શ, પત્ર પ્રસ્તુતીકરણ અને મંથન થશે જેનો સીધો લાભ અકાદમિક જગત સાથે સહકારી નીતિ નિયામકોને મળશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૬૦મો મણકો ॥**

કોઈપણ હિસાબે મુસ્લિમોને એમનો પોતાનો દેશ મળવો જોઈએ એમ તેઓ કહેતા હતા. અને એમાં અગત્યનું હતું : 'કોઈપણ ભોગે.' આ માટેની એમની તૈયારી પણ હતી. બીજી એની ખૂબી હતી કે લોકો એમને પૂછતા હતા કે પાકિસ્તાન એટલે શું ? તમારી પરિકલ્પના શું છે ? પણ પાકિસ્તાન પ્રસ્થાપિત થયું ત્યાં સુધી પાકિસ્તાન એટલે શું ? તેની વ્યાખ્યા કરવામાં આવી નહોતી. અને જેટલું જેટલું સ્વીકારાય એનાથી આગળની માંગ વધારાય. અને ભાગલાની સ્વીકૃતિ ઉપર સહીઓ થઈ ગઈ, મહોર મરાઈ ગઈ, ત્યારપછી પણ માગણી કરવામાં આવીતી. કે આ પૂર્વ અને પશ્ચિમ એ બે ભાગને જોડતો એક કોરીડોર પણ થવો જોઈએ. એટલે કે બારસો પંદરસો માઈલ જમીનનો એક પટ્ટો. એટલે સુધીની માગણી કે જે સ્વીકારાઈ નહીં. પણ એ ક્રમશઃ વધતી જતી વ્યાખ્યા. અને મૂળ વ્યાખ્યા શું છે ? એને અંગે બાંધેલી મૂઠ્ઠી. કહેવાનું નહીં. આની ઉપર એમની એ પ્રક્રિયા ચાલતી હતી.



કૉંગ્રેસની ભૂમિકા એવી હતી કે, આઝાદી જોઈએ છે, દેશ અખંડ રહે એમ જોઈએ છે, પણ જો દેશમાં અંતરવિગ્રહ થતો હોય, સિવિલ વૉર થતી હોય તો જરૂર પડે એને માટે બાંધછોડ કરીશું, દેશને સિવિલ વૉરમાંથી તો પસાર નથી થવા દેવો. ભાગલા સ્વીકારવા પડે તો સ્વીકારી લઈશું, પણ શાંતિ જાળવીશું. પણ મુત્સદ્દીગીરીથી એમ નક્કી કર્યું હતું કે ભાગલા સ્વીકારીશું તોય શરતથી. એ શરત મુજબ પંજાબ અને બંગાળ કે જે બંને પ્રદેશોમાં મુસ્લિમોની બહુમતી બહુ પાતળી. પણ આટલું કોમ્પ્રોમાઈઝ કરવા માટે તૈયાર એટલા માટે આવી માગણી કરીશું તો કદાચ વિભાજનની માગણી છોડી દેશે, જે આશા ફળી નહીં. અને હવે કજિયાનું મોં કાળું કરીને પણ બાકીનું તો સુરક્ષિત રાખો, એ પણ લાગણી ખરી અને એ લાગણી સૌથી વધારે સરદાર વલ્લભભાઈ પટેલની. પતાવો, હવે પછી ગરબડ વધારે ન થાય. એવી એમના મનમાં લાગણી.

કદાચ એકંદરે આપણે સામાન્ય તત્ત્વ જોઈએ તો ઈન્ટરીમ ગવર્મેન્ટ આવી ચૂકેલી હતી. જાહેરાત થઈ ગઈ હતી કે બ્રિટીશ લોકો ૧૯૪૮ના જૂન માસમાં ખાલી કરવાના છે ત્યારપછી સ્વરાજની મધલાળ પણ લાગી હતી. આ પણ આપણે ભૂમિકા સમજવી જોઈએ. આ હતી ભારતની ભૂમિકા.


અંગ્રેજોની ભૂમિકા શું હતી ? અંગ્રેજો બીજા વિશ્વયુદ્ધને અંતે ખોખરા થઈ ગયા હતા. આર્થિક રીતે ઊભા ન રહેવાય એવી સ્થિતિ હતી અને આવડા મોટા દેશનું પ્રશાસન સંભાળવું પણ એમને બોજરૂપ થાય એવી સ્થિતિ હતી. ઉપરાંત અમેરિકા અને ચીન જે યુદ્ધ દરમ્યાન એમનાં સાથી રાજ્યો હતાં એ બેયનું પ્રેશર હતું કે હિન્દુસ્તાનને સ્વરાજ મળવું જોઈએ. એટલે માઉન્ટબેટન જ્યારે વાઈસરોય બનીને આવ્યા ત્યારે એ મેન્ડેટ લઈને આવ્યા હતા કે જરૂર પડે તો ભાગલા પાડીને પણ પરત જવું. માઉન્ટબેટન એટલે રાજ્યકુળના નબીરા, એટલે જે સત્તાધારી પક્ષ હતો એ પક્ષના ઠરાવ મુજબ ને નિર્મય મુજબ રાજાના પ્રતિનિધિ થઈને આવેલા અને વિરોધ પક્ષના નેતા ચર્ચિલને પણ મળીને તેમની પણ સંમતિ મેળવીને આવેલા. એટલે એમને તો પોતાને વિશે એટલો આત્મવિશ્વાસ હતો કે જે બીજાએ ન કર્યું તે હું કરી દેખાડું. માઉન્ટબેટન એટલે અત્યંત મહત્ત્વાકાંક્ષી, આકર્ષક વ્યક્તિત્વવાળા, બુદ્ધિવાળા, સેના અને નહીવટની દ્રષ્ટિએ અનુભવી માણસ. બીજા કોઈએ ન કર્યું તે હું કરી બતાવું.

ગાંધીની પણ ભૂમિકા હતી કે ગમે તે થાય પણ ભાગલા ન પડવા જોઈએ. ગાંધીજી વિશે દુર્ભાગ્યે આપણા દેશની અંદર ઘણી ગેરસમજો ફેલાયેલી છે એ એટલી બધી ફેલાયેલી છે કે કેટલીકવાર શંકા જાય કે ફેલાવવામાં આવેલી છે. પણ એમાં સૌથી મોટી અને અસત્ય પર આધારિત ગેરસમજ હોય તો તે એ કે આ દેશના ભાગલા ગાંધીજીએ પડાવ્યા.

કારણ કે દેશના ભાગલાનો વિરોધ કોઈ એક જણે જો સૌથી વધારે કર્યો હોય તો તે ગાંધીજીએ કર્યો હતો. સૌથી વધારે વિરોધ. એટલે સુધી કે ભાગલાના કાગળો પર સહી થઈ ગઈ તે પછી પણ તેનો વિરોધ કેમ થઈ શકે એના ઉપાયો તેમણે વિચાર્યા હતા.

પણ ભાગલાના કાગળો પર સહી થઈ તે દિવસે સાંજે રાજકુમારી અમૃત કૌરે ગાંધીજીને કહ્યું કે, 'રેડિયોમાં સાંભળ્યું કે દેશના ભાગલા પડવા જોઈએ, એમાં નેતાઓએ સહીઓ કરી.' ત્યારે ગાંધીજીને ખબર પડી. ત્યારે કહ્યું, આવું કંઈક રંધાય છે એવી મને ખબર હતી પણ હવે તેં કહ્યું ત્યારે ખબર પડી કે રંધાઈ ચૂક્યું છે.

પોતે આ બાબતથી સાવ અજાણ હતા એમ કહેવું પણ યોગ્ય નહોતું. આવું કંઈક ચાલી રહ્યું હતું અને પોતે એને રોકવાના પ્રયાસો કરી રહ્યા હતા એમાંથી પસાર થતા હતા એટલે ગાંધીજીએ એક પ્રસાર એવો કર્યો જે ગાંધીજીની યોજના તરીકે એ જમાનામાં જણાઈ. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ